# ધર્માત્મા ગોખલે

ગાંધીજી

[redacted]શન મંદિર
અમદાવાદ



ગોપાળ કૃષ્ણ ગોખલે

# ધર્માત્મા ગોખલે

ગાંધીજી

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, કાળુપુર, અમદાવાદ

પહેલી આવૃત્તિ, પ્રત ૩૦૦૦

નવ આના

ફેબ્રુઆરી, ૧૯૫૦

# પ્રકાશકનું નિવેદન

ગાંધીજીએ અનેક વખત ગોપાળ કૃષ્ણ ગોખલેને પોતાના રાજદ્વારી ગુરુ ગણાવ્યા છે. નામદાર ગોખલેની ગાંધીજીના માનસ પર બહુ ઊંડી છાપ પડી હતી. વળી, રાજકીય કાર્ય કરવામાં ગોખલેની જે દૃષ્ટિ હતી તે ગાંધીજીને સંપૂર્ણપણે માન્ય હતી એટલું જ નહીં, તેમની પણ એ જ દૃષ્ટિ હતી. બન્ને રાજકારણને ધર્મના પાયા પર મૂકવા માગતા હતા. આ કારણે જ ઘણુંખરું ગાંધીજીને ગોખલેજીની કાર્યપદ્ધતિ ગમી ગઈ અને તેમણે અનેક વાર જાહેર કર્યું હતું કે ગોખલે મારા રાજદ્વારી ગુરુ છે.

આધુનિક હિંદના તેમ જ કૉંગ્રેસના ઘડતરમાં ગોખલેનો ફાળો મોટો છે. એથી હિંદનો આધુનિક જમાનાનો ઇતિહાસ સમજવાની આકાંક્ષા રાખનારે એમના વ્યક્તિત્વનું તેમ જ ચારિત્ર્યનું રહસ્ય જાણવું જોઈએ. ગાંધીજીએ નામદાર ગોખલેના ચારિત્ર્યનું સાચું રહસ્ય પોતાનાં એમને વિષેનાં લખાણો તેમ જ ભાષણોમાં અનેક વાર સ્ફુટ કર્યું છે. એ લખાણો તેમ જ ભાષણો અહીં કાળક્રમે એકઠાં કરી આપ્યાં છે. આવતી ગોખલેજયંતીને પ્રસંગે ગાંધીજીનાં લખાણોમાંથી એમણે જેમને પોતાના ગુરુ માન્યા હતા તેમને વિષેનાં તેમનાં ભાષણો તેમ જ લખાણો એકત્ર કરી ગુજરાતની જનતા આગળ મૂકતાં અમને આનંદ થાય છે.

અમદાવાદ, ૧૦–૨–'૫૦

# અંજલિ

આ પુસ્તક પુણ્યશ્લોક ગોપાળ કૃષ્ણ ગોખલેની ૩૫મી પુણ્યતિથિએ બહાર પડે છે. એ પૂજ્ય ગાંધીજીનાં તે પુણ્યાત્મા વિષેનાં લખાણોનો સંગ્રહ છે. ગાંધીજીએ તેમને પોતાના ગુરુ તરીકે માન્યા હતા, તેઓ તેમને શિષ્યભાવે અનુસર્યા હતા અને વીસ વર્ષ તેમનો તેમણે સમાગમ કર્યો હતો. શું તેમનું જીવન હતું, કેવું તેમનું ચારિત્ર હતું, શા તેમના મનોરથો હતા, શો તેમનો વારસો અને શો તેમનો સંદેશો હતો, તેનું વિવેચન આ લેખોમાં મળશે. એમાં કોઈ પૂર્તિ કરી શકે એમ હોય તો તે ગાંધીજીની જેમ ગોખલેજીના ગાઢ સંબંધમાં આવેલા તેમના નિકટ શિષ્યોમાંના કોઈ કરી શકે. દાખલા તરીકે પૂજ્ય ઠક્કરબાપા.

ગોખલેજીના અંગત પરિચયની મને તક મળી નહોતી. ૧૯૦૭ની સૂરતની કૉંગ્રેસમાં તથા તે જ અરસામાં (૧૯૦૮–૯માં) વિલ્સન કૉલેજમાં એક વિદ્યાર્થીઓની સભામાં પ્રમુખ તરીકે, એમ બેથી વધારે વાર મેં એમને જોયા કે સાંભળ્યા હોય એવું મને સ્મરણ નથી. પણ એમનો અવાજ રૂપાની ઘંટડી જેવો મધુર હતો એવો કાન પર સંસ્કાર રહેલો છે. એ સભાના થોડા દિવસ પહેલાં અમારા એક અધ્યાપક પ્રોફેસર રૉબર્ટ્સન પાસેથી સાંભળેલું કે ગોખલેજીના જેવું વ્યાકરણશુદ્ધ અને ઉચ્ચારશુદ્ધ અંગ્રેજી બોલનાર એમણે કોઈ હિન્દીને સાંભળ્યો નહોતો. આથી સંભવ છે કે એમને

સાંભળતી વખતે તેઓ શું કહે છે તે કરતાં તેઓ કેવું બોલે છે તે પર જ મારું ધ્યાન વધારે રોકાયું હોય!

પણ આ વિદ્યાર્થી સભાને અંગેનો એક કિસ્સો વર્ણવવા જેવો છે. આ સભા તે વખતના મુંબઈની બધી કૉલેજોના વિદ્યાર્થીઓના स्टुडन्ट्स युनियन તરફથી ગોઠવાઈ હતી. શ્રી મનુ સૂબેદારનું दलित वर्गोनो उद्धार એ વિષય પર ભાષણ યોજાયેલું હતું અને ગોખલેજીએ પ્રમુખ તરીકે આવવા સ્વીકાર્યું હતું. સભા મોટી થશે જ એમ માની તે વિલ્સન કૉલેજમાં રાખવા પ્રિન્સિપાલ (ડૉ. મેકિકન) પાસે પરવાનગી મેળવી હતી. યુનિયનમાં હું કોઈ પદાધિકારી નહોતો પણ તેના મંત્રી મારા મિત્ર હતા તેમને હું મદદ કરતો. છેક સભાને દિવસે કે આગલે દિવસે પ્રિન્સિપાલસાહેબે એક મોટું વિઘ્ન ઊભું કર્યું. એમણે મંત્રીને કહ્યું, 'મિ. ગોખલે તો રાજદ્વારી માણસ કહેવાય; એ અહીં રાજકીય વિષયો છેડે, તે મને ન પાલવે. માટે એમની પાસે કબૂલ કરાવી આવો કે તેમના બોલવામાં રાજકીય વિષય નહીં લાવે.' મારા મિત્રે કહ્યું, 'આ તો સમાજસુધારાનો વિષય છે, આમાં રાજકારણને સંબંધ શો છે કે એવી શરત કરવાની જરૂર હોય?' પણ પ્રિન્સિપાલ કહે, 'રાજદ્વારી પુરુષોનો ભરોસો નહીં. તેઓ તો બધું બધે લાવી મૂકે. માટે આવી કબૂલાત લાવો નહીં તો મારો હૉલ બંધ!' આ તો ભારે થઈ પડી! આ કેવળ અપમાન કરવાની વાત હતી એમ મારા મિત્રને લાગ્યું. આવી બેહૂદી વાત ગોખલેજી આગળ કઢાય જ કેમ? પણ કરવુંયે શું? બીજી જગ્યાએ સભા ગોઠવવાને

સમય નહોતો. બીજી જગ્યાએ સભાને ગોઠવવાનો અર્થ પણ એવો થાય કે યુનિયન રાજદ્વારી વિષયોમાંયે ભાગ લેવા આગ્રહ રાખે છે માટે જ સ્થળ બદલ્યું. એટલે યુનિયનને તોડવાને કૉલેજના અધિકારીઓ મથતા હતા તેમને નિમિત્ત મળી જાય.

મારા મિત્ર મૂંઝાયા અને ગોખલેજીને તેમણે ધ્રૂજતે હાથે ચિઠ્ઠી લખી. ગોખલેજીનો જવાબ આવ્યો. એમને આવી સૂચનાથી માઠું લાગ્યું, અને પોતે પ્રમુખપદ સ્વીકારવાની ના પાડી.

મારા મિત્રની મૂંઝવણ વધી. એમના જ શબ્દોમાં એ ઘટના આગળ વર્ણવું છું :

"મારામાં હિંમત નહોતી કે ડૉ. મૅકિકનને કહું કે તેમણે મૂકેલી શરત ગેરવાજબી હતી. શ્રી ગોખલેને મળ્યો. કહેતાં સંકોચ જરૂર લાગ્યો, પણ કહી દીધું. તેમને પહેલો તો ગુસ્સો આવ્યો અને તેમણે મને કહ્યું કે, 'આ તો મારું અપમાન થાય છે. આ શરતે હું પ્રમુખપદ સ્વીકારી નહીં શકું.' હું રડવા જેવો થઈ ગયો. મેં કહ્યું, 'સૌ મને કહેશે કે આપ પ્રમુખપદ લેવાના છો એવી જૂઠી જાહેરાત કરી મેં બધાને ઠગ્યા.' શ્રી ગોખલેને દયા આવી. મને કહ્યું, 'માઠું લગાડશો નહીં'. પણ આપણા લોકોને મૉરલ ઇંડિગ્નેશન (પુણ્યપ્રકોપ, સાત્ત્વિક રોષ)નું ભાન જ નથી. આવી વાત પર રોષ લાવવાની મારી ફરજ છે.' આપણા લોકો મોટાઓએ કરેલી કેવી બદચાલો, અપમાનો વગેરે સહન કરી લે છે, અને ગુસ્સો પેદા કરી શકતા જ નથી તેની તેમણે વાતો કરી. પછી બોલ્યા, 'હું આવીશ પણ એક શરતે. ડૉ. મૅકિકનને કહેજો કે મારે શું ભાષણ કરવું

કે ન કરવું એ કહેવાનો તેમને અધિકાર નથી. તમે આ તેમને કહેશો એ વચન આપો.' એ વચન મેં આપ્યું. ડૉ. મૅકિકનને કહેતાં ક્ષોભ તો બહુ થયો, પણ કહ્યું ખરું. ડૉ. મૅકિકને પણ નમતું મૂકવામાં ડહાપણ માન્યું. શ્રી ગોખલે છેવટે આવ્યા અને પ્રમુખ તરીકે તેમણે પોતાનું મનનીય ભાષણ કર્યું."

આ સભામાં મહાન હરિજન સેવક શ્રી વિઠ્ઠલરામજી શિંદે પણ હાજર હતા અને ગોખલેજીએ એમનો પરિચય કરાવેલો એવું યાદ છે.

બસ આટલો મારો ગોખલેજી સાથે જ્ઞાનેંદ્રિયો મારફતે એકતરફી સંબંધ.

ગાંધીજીએ પોતાના સેવામય જીવનનું મૂળ બિંબ ગોખલેજીના જીવનમાં જોયું એમ આ પુસ્તક પરથી દેખાઈ આવે છે. એમણે ગોખલેજીમાંથી લીધેલા બોધો અને સિદ્ધ કરવા યોગ્ય માનેલા આદર્શોનો થોડો સાર નીચે આપું છું:

"વીસ વર્ષ સુધી કેળવણી આપવાનું કામ કરવા મિ. ગોખલેએ સોગન લીધા. આવા ખવાસના માણસો જ જ્યારે કેળવણીને કાજે પોતાની જિંદગી સમર્પણ કરે છે, ત્યારે જ કેળવણી ફળદાતા નીવડે છે."

"હિંદુસ્તાનમ દરેક પ્રાંતમાંથી રાજદ્વારી કામ માટે દેહ અર્પણ કરે એવા કંઈ નહીં તો થોડાક માણસોએ નીકળી પડવાની બહુ અગત્ય છે."

"તેમની રહેણી અત્યંત સાદી છે. ઉગ્ર તપવાળી છે એમ કહી શકાશે. . . . એક ખરા બ્રાહ્મણ તરીકે તેમણે તેમની જિંદગી ગરીબાઈ અને જ્ઞાનમાં હોમી છે. સાદી

રહેણી અને ઊંચી કરણી એ ઘણી પુરાતની હિંદી રીતિના આથી વધારે સારા નમૂના બીજા નહીં હશે."

"મદદ વિના, તાબેદારો વિના અને માનઅકરામ વિના સલ્તનતનો બોજો (ગોખલે) એકલા ઉઠાવ્યે જાય છે."

"પશ્ચિમની કેળવણી પામેલા હિંદીઓને તેઓ નમ્રતા અને ભલમનસાઈના દાખલારૂપ છે."

"તેણે જે કર્યું, જે ભોગવ્યું, જે હોમ્યું, જે દાન દીધું, જે તપ તપ્યા, તે બધું હિંદમાતાને અર્પ્યું હતું."

"હસતાં રમતાં પ્રગટ હરિ દેખું રે,
મારું જીવ્યું સફળ તવ લેખું રે;
મુક્તાનંદનો નાથ વિહારી રે,
ઓધા જીવનદોરી અમારી રે.

—આ દશા મ. ગોખલેની હિંદ પ્રત્યે હતી."

"સેવકોનું કર્તવ્ય હિંદનું રાજકીય જીવન ધાર્મિક બનાવવું એ છે."

"જે સમયે તેમણે જે કર્યું હતું તે કેવળ ધાર્મિક વૃત્તિથી કરેલું એવી સાક્ષી મારો આત્મા પૂરે છે."

"જે પુરુષ સાધુજીવન ગાળે, જેની વૃત્તિઓ સારી છે, જે નમ્રતામય છે, જે સત્યનું સ્વરૂપ છે, જેણે પોતાપણાનો અત્યંત ત્યાગ કર્યો છે, તે પુરુષ પોતે જાણે અથવા ન જાણે તોપણ ધર્માત્મા છે."

"એક સંન્યાસીએ તેમની ઉપર હિંદુપણાને સારુ અભિમાન નથી એવો આરોપ મૂકયો. મહાત્મા ગોખલેએ ભ્રમર ચઢાવી હૃદયભેદક અવાજમાં જવાબ આપ્યો : જો તમે કહો છો તેમ કરવામાં (મુસલમાનને નીચા ગણાવી હિંદુને

ઊંચા બાતવવામાં) હિંદુપણું હોય તો હું હિંદુ નથી. તમે મારી પાસેથી વિદાય થાઓ."

"જે (દેશસેવાનું) કાર્ય મેં કોઈના હુકમથી માથે લીધું નથી તે હું કોઈના હુકમથી છોડી પણ શકતો નથી. મારી ફરજ બજાવતાં હું પ્રજામત મારી તરફ રાખી શકું તો સારું ગણું, પણ જો તેટલો ભાગ્યશાળી ન હોઉં તોપણ સારું જ હશે."

"આપણે સહુ વડી ધારાસભામાં પેસી શકતા નથી. . . . પબ્લિક સર્વિસ કમિશનમાં જઈ નથી શકતા. . . . તેમની વિદ્વત્તા મેળવી શકતા નથી. (આ બધું કરી શકનારા સર્વે) દેશના સેવક હોય છે એવું અનુભવતા નથી. પણ આપણે બધા નિર્ભયતા, સત્યતા, ધૈર્ય, નમ્રતા, ન્યાયબુદ્ધિ, સરળતા, અડગતા વગેરે ગુણો કેળવી દેશને અર્પણ કરી શકીએ છીએ. આ ધાર્મિક વૃત્તિ છે. રાજકીય જીવન ધર્મમય કરવું એ મહાવાકયનો આ અર્થ છે. . . . એ મ૦ ગોખલેના વારસામાં ભાગીદાર થશે."

"તેમની પેઠે પોતાના કામમાં એકતાર થવાનું આપણામાંના દરેકના હાથમાં હોઈ શકે છે."

"મને મારા પોતાના માનની દરકાર નથી. પણ મારા દેશનું માન મને પ્રાણ સમાન છે."

"(દક્ષિણ આફ્રિકામાં) તેમની તબિયત આખો વખત નાજુક જ હતી. અત્યંત સંભાળની જરૂર હતી. પણ એવી તબિયત છતાં રાતના બારબાર વાગ્યા સુધી કામ કરતા અને પાછા બે વાગ્યે કે ચાર વાગ્યે ઊઠી નીકળે અને કાગળિયાંઓની માગણી કરે."

"પોતાના ગરીબ ભાઈઓની ઉપરનો બોજો એ કેમ જાણે પોતાની જાત ઉપર હોય ને, એમ તેઓ સળગી ઊઠયા

હતા. જનરલ બોથાની પાસે તેમણે પોતાના આત્માની સંપૂર્ણ શક્તિનો પ્રયોગ કર્યો. તેમના બોલવાનો પ્રભાવ જનરલ બોથા અને જનરલ સ્મટ્સ ઉપર એવો પડચો કે તેઓ પીગળી ગયા, અને તેમને વચન આપ્યું કે . . . એ કર રદ થશે.''

". . . અંત્યજ વર્ગના ઉદ્ધારનો પ્રશ્ન પણ મહાત્મા ગોખલેને રોજ ખૂંચતો હતો. . . . કોઈ તેમને ટકોરતું તો તે ખુલ્લેખુલ્લું કહી દેતા કે આપણા ભાઈ અંત્યજને અડકવાથી અભડાતા નથી, પણ નહીં અડકવાની દુષ્ટ-ભાવનાથી જ અઘોર પાપમાં પડાય છે.''

આ બધા ઉતારાઓમાં ગાંધીજીએ ગોખલેને મહાત્માનું બિરુદ આપ્યું છે. ગાંધીજી પોતે તે વખત સુધી મહાત્મા બન્યા નહોતા, અને ગોખલેજીનો ઉલ્લેખ દેશી જગત નામદાર ગોખલેને નામે કરતું. પણ ગાંધીજીએ પોતાના હૃદયમાં એમને આદર્શ મહાત્મારૂપે જોયા અને સ્થાપ્યા, પોતે તે પદની સાથે તાદાત્મ્ય સિદ્ધ કરવાનો આદર્શ રાખ્યો, અને એમણે જે જે ગુણોને પોતાના ગુરુમાં જોયા તે બધા વધારે વિસ્તારથી પોતાનામાં પ્રકટ કરી બતાવ્યા. જગતે તે જોયું, અને જે પદ એમના ગુરુને નહોતું આપ્યું, તે એમને ઉમળકાભેર સ્વેચ્છાએ અર્પણ કર્યું. બાળક અને શિષ્ય, માબાપ ને ગુરુના ગુણોને એવા વિસ્તારીને પોતાના જીવનમાં પ્રગટ કરે કે જગત પૂર્વજને ભૂલે તે સાચો વારસ. ગોખલે પોતાની પાછળ ગાંધી, શાસ્ત્રી. દેવધર, ઠક્કર વગેરે એવા એવા શિષ્યો મૂકી ગયા કે જેમણે દરેકે તે ગુણો વિકસાવ્યા, અને સેવાધર્મની

તેમની સ્થાપેલી એક સંસ્થામાંથી અનેક સંસ્થાઓ ઊભી કરી.

શિષ્યને સાચા ગુરુની પ્રાપ્તિ એ દુર્લભ છે અને ગુરુને સાચા શિષ્યની પ્રાપ્તિ પણ એટલી જ દુર્લભ છે. એઉનો સંગમ થવો એ એક વિરલ ઘટના છે, બંનેમાં ધન્યતાની લાગણી પેદા કરે છે અને જગતનું કલ્યાણ સાધે છે.

आश्चर्यो वक्ता कुशलोऽस्य लब्धाऽऽश्चर्यो ज्ञाता कुशलानुशिष्टः। त्वादृङ्नो भूयान्नचिकेतः प्रष्टा। — એવી ધન્યતા યમને નચિકેતા જેવા શિષ્ય પ્રાપ્ત થવાથી થઈ હતી.

તે જ રીતે એ ગોખલેને પણ ધન્ય છે, જે ગાંધી, શાસ્ત્રી, ઠક્કર જેવા અનેક શિષ્યો પામ્યા, અને તે શિષ્યોને પણ ધન્ય છે, જેમણે એ ગુરુનું શિષ્યપણું શોભાવ્યું, અને તેનું કાર્ય વધાર્યું!

મુંબઈ, ૫–૨–'૫૦ કિશોરલાલ ઘ. મશરૂવાળા

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | પ્રકાશકનું નિવેદન | ૩ |
| | અંજલિ — કિશોરલાલ મશરૂવાળા | ૫ |
| ૧. | ગોપાળ કૃષ્ણ ગોખલે | ૭ |
| ૨. | કિંબરલીમાં મહાત્મા ગોખલે | ૧૧ |
| ૩. | મહાત્મા ગોખલેનો વારસો | ૧૪ |
| ૪. | ગોખલેજીનો સેવામંત્ર | ૨૪ |
| ૫. | ઉમરેઠમાં મહાત્મા ગોખલેનું સ્મારક | ૨૯ |
| ૬. | ગોખલેજીનો જીવનમંત્ર | ૩૪ |
| ૭. | 'આ જ મારો મુરશિદ' | ૪૦ |
| ૮. | પૂનામાં | ૪૭ |
| ૯. | ગોખલે સાથે એક માસ — ૧ | ૫૧ |
| ૧૦. | ગોખલે સાથે એક માસ — ૨ | ૫૫ |
| ૧૧. | ગોખલે સાથે એક માસ — ૩ | ૬૦ |
| ૧૨. | ગોખલેને મળવા | ૬૪ |
| ૧૩. | ગોખલેની ઉદારતા | ૬૮ |
| ૧૪. | ગોખલેની સાથે પૂનામાં | ૭૧ |